R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-23 • ISSUE: 07 DATE: 15-02-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to; (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( ) ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયો એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## નાઇજીરીયામાં બોકો હરામે મોલવી અને ૧૧ ખ્રિસ્તીઓની હત્યા કરી



ઈસ્લામીક કટ્ટરવાદી સંસ્થા બોકો હરામે જાહેરમાં કરેલ ગોળીબારમાં ખુબજ સ્પષ્ટ વકતા ગણાતા એક મોલવી અને તેમના પત્ની તેમજ તેમના ૧૮ વર્ષીય પુત્રની હત્યા કરી હતી.સમાચારોમાં જણાવ્યા મુજબ શેખ મોહમંદ અવાલ જ્યારે મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમના વાહનને રોકવામાં આવ્યું હતું.અને તેની પર અંધાધુંધ ગોળીઓ ચલાવવામાં આવી હતી.મુસાફરી તેમની સાથે તેમની સ્કુલનો એક વિદ્યાર્થી પણ હતો જે પણ આ હુમલામાં માર્યો ગયો હતો.મોલવીના પત્ની અને પુત્ર સ્થળ પર જ માર્યા ગયા હતા.મોલવીને હોસ્પીટલ લઈ જવાયા હતા ત્યાં તેમનું મોત નિપજ્યું હતું.ત્રણ તેમના અન્ય બાળકો અને એક વિદ્યાર્થી ધાયલ થયા હતા.શેખ અલબાની સલાફીજ મુવમેન્ટના નેતા હતા તેમજ એક વિદ્વાન વ્યક્તિ હતા.તેમણે બોકો હરામ વિરુધ્ધ જાહેરમાં પ્રવચન આપ્યું હતું.બોકો હરામ અને અલ કાયદા એકબીજાના મેળાપીપણામાં કાર્યરત છે.

મોલવી બોકો હરામની વિરુધ્ધ લોકોને સમજાવતા હતા.તેમની બોકો હરામ વિરુધ્ધની વિચારસરણીથી લોકો પણ માહિતગાર હતા.તેમણે બોકો હરામના નેતાઓને નિર્દોષ લોકોની હત્યા નહિ કરવા માટે જાહેરમાં વારંવાર જણાવ્યું હતું.તેઓ એમ પણ જણાવ્યુ હતું કે નિર્દોષ લોકોની હત્યા કરવાનું ઈસ્લામ કબુલતો નથી.

નાઈજીરીયન ન્યુઝ પેપરે આ સમાચારને ટાંક્યા હતા.તેમણે માત્ર બોકો હરામની વિરુધ્ધ નહી પરંતુ સરકારની નીતિઓ સામે પણ વિરોધ કર્યો હતો. ૨૦૧૧માં સરકારના વિરોધને કારણે તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી.તેમની પર સરકારે આક્ષેપ કર્યો હતો કે તેઓ સરકારની વિરુધ્ધ લોકોને ભડકાવે છે.

## પુર્વ માલીમાં વસતા ખ્રિસ્તીઓના જીવનની અસલામતી મહસુસ કરે છે

પુર્વ માલીમાં રહેતા ખ્રિસ્તીઓની પરિસ્થિતિ વિકટ બની છે. તેઓને રવિવારની પ્રાર્થનાસભાઓને સ્કુલના ક્લાસરુમમાં રાખવી પડે છે કારણકે તેઓના ચર્ચો લુંટી લેવાયા છે.અને ચર્ચમાં પ્રાર્થના સભા યોજાય તો ત્યાં બોંબ નાખવાની સંભાવનાઓ રહેલી છે.મીલીટરી જીઓ વિસ્તારમાં ગસ્ત લગાવી રહીછે.તેમને રવિવારે સ્કુલની બહારથી બોંબની સામગ્રી મળી આવી હતી. ફ્રેન્ચ આર્મી દ્વારા આ બોંબને નિષ્ક્રીય કરવામાં આવ્યો હતો.હવે સત્તાવાળાઓ આ બાબતે તપાસ કરી રહ્યા છે.પરંતુ આ ઘટનાને લીધે સમગ્ર ચર્ચના સભ્યો ભયબીત બની ગયા છે.ચર્ચના પાસ્ટરની ઓળખ છુપાવવામાં આવી રહી છે કારણકે તેમની પર હુમલો થવાની સંભાવના રહેલી છે.તેવું વર્લ્ડ વોચ મોનીટરે જણાવ્યું હતું.અંહીયા દરેક બાબતમાં અસલામતી વ્યાપેલી છે.ગમેતે ક્ષણે



અજુગતું બની શકે છે.ખ્રિસ્તી મંડળીના સભ્યો અસલામતી બાબતે કશું બોલવા તૈયાર નથી. તેઓ એવું કહે છે કે બોંબ ફુટં તો તે ખ્રિસ્તીને ઈજા નહી કરે તેવું કહી શકાય તેમ નથી.બોબ તમારી નજીકમાં જ છે.તમારુ ધાર્મિક સ્થળ જ્યાં હોય ત્યાં તે એકદમ નજીકથી બ્લાસ્ટ થઈ શકે છે.મીલીટરી આ સ્થળની નજીકથી જ પસાર થાય છે.એક વર્ષ થયું ફ્રેચ મીલીટરીને અહીયા આવ્યાથી.તોરાગ ઈસ્લામીક ગ્રુપ જેમણે નોર્થન માલી પર પોતાનો કબજો જમાવ્યો છે.અને તેમને પોતાને સ્વતંત્ર જાહેર કર્યા છે.અને આ પ્રદેશમાં તેઓ ઈસ્લામીક શરીયત કાયદો લાગુ કરવા માંગે છે.

## જૈનોને લઘુમતી દરજ્જો અપાતા ખ્રિસ્તી સંસ્થાઓએ સરકારના નિર્ણયને આવકાર આપ્યો

ધ ગ્લોબલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયન ક્રિશ્ચિયને સરકાર દ્વારા જૈન સમુદાયને લઘુમતીનો દરજ્જો આપ્યો તેને આવકાર આપ્યો હતો.જૈન સમુદાયને છેલ્લા કેટલાક સમયથી માંગ હતી કે તેઓને લઘુમતીનો દરજ્જો આપવામાં આવે.કેન્દ્ર સરકારના આ નિર્ણયથી જૈન સમુદાયના લોકોને લઘુમતીઓને મળતી તમામ સરકારી યોજનાઓના લાભો મળશે.જૈનોની દેશમાં કુલ વસ્તી લગભગ ૫૦ લાખ જેટલી અંકાય છે.તેમની ધાર્મિક લઘુમતીને લક્ષમાં લેવાય એવું તેઓના તરફથી સરકારને દબાણ હતું.અગાઉ એક જૈન સમાજના કેટલાક લોકોનું ગ્રુપ કોગ્રેસ વાઈસ પ્રેસિડેન્ટ રાહુલ ગાંધીને મળ્યા હતા.અને તેમને જૈન સમાજને લઘુમતીનો દરજ્જો મળે માટે દબાણ કર્યું હતું.રાહુલ ગાંધીએ આ બાબતે વડાપ્રધાનશ્રી મનમોહનસિંહ સાથે વાતચીત કરી હતી. અને ત્યાર બાદે કેબિનેટની મંજુર લેવામાં આવી હતી.

માઈનોરીટી એફેર્સ મીનીસ્ટર કે.રહેમાને મીડીયાને જણાવ્યું હતું કે તેમનું મંત્રાલય આ બાબતે ઝડપથી નોટીફીકેશ બહાર પાડી દેશે.જૈનોને લઘુમતીનો દરજ્જો હાંસલ થયો હોવાથી તેઓ આ દેશની છઠ્ઠી કોમ્યુનીટી છે જેમને લઘુમતીનો દરજ્જો મળ્યો છે.મુસ્લીમ,ખ્રિસ્તી,શીખ,બુધ્ધિષ્ઠ,અને પારસી કોમને લઘુમતીનો દરજ્જો અપાયેલ છે. જોકે આ કોમ્યુનીટી દેશના કેટલાક રાજ્યોમાં લઘુમતીનો દરજ્જો ભોગવે છે. જેમાં ઉત્તર પ્રદેશ,મધ્ય પ્રદેશ,છત્તીસગઢ અને રાજસ્થાનનો સમાવેશ થાય છે.પરંતુ નવા કેન્દ્ર સરકારના નિર્ણયથી તે સમગ્ર ભારતભરમાં લાગુ પડશે.

## ઇજીપ્તમાંથી ખ્રિસ્તીઓની હિજરત થઇ રહી છે



ઈજીપ્તના એક દૈનિક સમાચાર પત્રે આપેલ વિગતો પ્રમાણે ત્યાંના કોપ્ટીક ક્રિશ્ચિયનો માટે કામ કરતાં એક વકીલે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સપ્તાહોથી તેમને અસંખ્ય ફોનકોલ્સ મળી રહ્યા છે જેમાં ઈજીપ્તના કોપ્ટીક ખ્રિસ્તીઓ ઈજીપ્તને છોડી જવા માટે સલાહ માંગી રહ્યા છે.તેઓ અહીયાં રહેવામાં પોતાની તથા પોતાના કુટુંબની અસલામતી બાબતે ચિતિંત છે.નેગ્યુબ ગેબ્રીલ,કોપ્ટીક હ્યુમન રાઈટ્સ લોયરે સમાચાર પત્રને જણાવ્યાનુંસાર ઘણા બધા ખ્રિસ્તીઓને તેમના અંધકારમય ભવિષ્યની ચિંતા છે.જે પ્રકારે મસ્જીદો વ્યવહાર કરી રહી છે તે ચિંતાની બાબત છે.મુસ્લીમ બ્રધરહુડ નવી સરકાર રચવા માટે પ્રયત્નો કરી રહી છે.કોપ્ટીકો દ્વારા ફરિયાદ કરાઈ છે કે તેમને નિર્ણયો લેવામાંથી બાકાત રખાઈ રહ્યા છે.ઈજીપ્ત આવતી કાલે ભયમુકત અને લોકશાહી સ્થપાય તેવું બનશે કે કેમ તે ચિંતા સતાવી રહી છે.હોસ્ની મુબારકના ગયા બાદ થયેલ હિસક ઘટનાઓમાં અનેક ખ્રિસ્તીઓની હિંસા થઈ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

રાજકારણમાં ઉતાર ચઢાવ આવે તે સમજી શકાય તેમ છે પરંતુ હાલમાં જે રાજકીય પરિસ્થિતિ છે તેમાં ક્યારે શુ થશે તે કળવું મુશ્કેલ છે.લોકોને બદલાવ જોઈતો હતો અને તેમણે દિલ્હીમાં થયેલ એક પ્રયોગને કંઈક અંશે સફળ કર્યો કહેવાય,કારણકે કેજરીવાલને સત્તા મેળવવાની બહુમતી તો મળી નહોતી.એવું કહી શકાય કે પ્રથમ વાર ચુંટણીમાં તેમણે ચમત્કાર સર્જ્યો.ધાર્યા કરતાં વિરુધ્ધના પરિણામો આવ્યા અને સારો દેશ ચકિત બની ગયો.ત્યાર બાદ રોજ બરોજ નિત નવી ઘટનાઓ બનતી ગઈ અને તેમની પાસે લોકો વિશેષ અપેક્ષાઓ રાખતા ગયા.પરંતુ આ સત્તાની સીડી પર ચઢી ગયા બાદ લોઢાના ચણા ચાવવાના હતા.તેમણે પ્રયત્ન કર્યો પરંતુ તેમાં તેમને લાગ્યું કે ધારી સફળતા મળશે નહી તેથી તેમણે લોકોને બલીનો બકરો બનાવીને પોતાને શુધ્ધ બહાર કાઢવાનો પ્રયત્ન કરી જોયો છે. તેમને લાગી રહ્યું છે કે દિલ્હીમાં ગાદી પર બેસીને જે કામો તે કરાવવા માંગે છે તે શક્ય નથી બનવાના.તેથી કદાચ તેઓ તેમની રણનીતી બદલીને લોકસભામાં થોડી ઘણી સીટો અંકે કરવા પ્રયત્ન કરશે અને ત્યારબાદ પોતાની લડાઈને જુદો અંજામ આપી શકે છે.પીડીત અને કચડાયેલ વર્ગને એક એવો મહાત્મા જોઈએ છે કે જે તેમને મસીહા લાગે.કોઈપણ રાજકીય પક્ષો દેશના નાગરિકોની પીડાને વાચા આપી શક્યા નથી.તેથી લોકો આપ પાછળ ઘેલા બન્યા છે.પરંતુ એ નશો કેટલોક ચાલશે તે સમય જ નક્કી કરશે. હાલમાં તો કોંગ્રેસ ટેકો પાછો ખેચી લે તેવો કોઈ સંજોગો નથી.કેજરીવાલને તેમની કારી ફાવશે નહી તેથી પદ છોડે તો કોંગ્રેસ કહી શકશે કે તેમને સત્તા આપવા માટે ટેકો આપ્યો હતો પરંતુ તેમનાથી તે પદનો ઉપયોગ થઈ શક્યો નહી તેથી તેઓ પાછા પડયા,કોંગ્રેસે જનતાની સેવા કરવા માટે જ ટેકો આપ્યો હતો.આમ કોંગ્રેસ છટકી પણ શકે છે.બેઉ રાજકીય પક્ષો આપની દિલ્હીની ચાલ ઉપર વિશેષ નજર રાખી રહ્યા છે કેમકે દિલ્હીની જેમ લોકસભાની ચુંટણીમાં તેઓ વધુ ડખો પેદા ના કરી શકે.

## પ્રાર્થના

પ્રભુ તમને નુહની જેમ યાદ રાખે,મુસાની જેમ તમારી તરફેણ કરે,
મરિયમની જેમ તમને માન આપે,ઈસ્રાયેલની જેમ તમારા માટે યુધ્ધ કરે,
ઈસ્હાકની જેમ તમારા માટે ઉન્નતિ બક્ષે,યુસુફની જેમ તમને આગળ વધારે,
એસ્તરની જેમ તમારા માટે હસ્તક્ષેપ કરે,દાનિયેલની જેમ તમારુ રક્ષણ કરે,
દાઉદની જેમ તમારો અભિષેક કરે,એલીયાની જેમ તેમને ઉત્તર આપે,
નામાનની જેમ તમને સાજા કરે,પાઉલની જેમ તમારો ઉપયોગ કરે,
શાદ્રાખ,મેથાબ,અબેદનગોની જેમ તમને સાચવી રાખે

લેખન : જયાનંદ એ. ગોહિલ, નડીયાદ

## બિશપ ડો. એસ.કે.પરમારનું અવસાન

નેશનલ કાઉન્સીલ ઓફ ચર્ચીસ ઈન ઈન્ડીયાએ બિશપ ડો. એસ.કે.પરમારના અવસાન નિમિત્તે શોક પ્રદર્શિત કર્યો હતો. તેઓ ૮૫ વર્ષના હતા.બિશપ પરમારે મેથોડીસ્ટ ચર્ચ દ્વારા સમાજીક સેવાઓ આપી હતી.તેઓએ મેથોડીસ્ટ ચર્ચને તેમની અદ્રીતીય સેવાઓ આપી હતી.તેમજ દેશ અને વિદેશના સ્તરે વિવિધ હોદ્દાઓ દ્વારા સેવાઓ આપી હતી.

તેઓ એનસીસીઆઈના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ૧૯૭૯ થૂ ૧૯૮૩ સુધી એક ટર્મ માટે નિમાયા હતા.તેમજ ૧૯૮૩ થી ૧૯૯૧ સુધી પ્રેસીડેન્ટ તરીકે બે ટર્મ સુધી સેવાઓ આપી હતી.તેમણે સામાજીક સેવાઓ માટે ચર્ચને માટે ખુબજ આર્શીવાદિત બની હતી.અમો એનસીસીઆઈ એક કુટુંબ તરીકે બિશપ ડો.એસ.કે પરમારની સેવાઓને બિરદાવીએ છીએ તેમજ તેમના અવસાનથી નપુરાઈ શકે તેવી ખોટ સમાજ અને તેમના કુટુંબને પડી છે ઈશ્વર પુરી કરે.તેમની દફનવિધિ પ્રોટેસ્ટંટ સીમેન્ટરી,નારાયમગુડા,હૈદ્રાબાદ ખાતે ૨૭ જાન્યુ.૨૦૧૪ ના રોજ કરવામાં આવી હતી.

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨<br>શ્રી હેલ્ફર્સ એલેન્દી,<br>વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧ | શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨<br>શ્રી પાઉલભાઈ એ. પરમાર,<br>૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨ |

અનુ. પાન નં ૩ નું ચાલુ

આપણા સત્યની મશાલ સદૈવ જલતી જ રહે એવો પ્રયત્ન કરવો જોઈએ. સત્ય એ ભગવાન કરતાં પણ મહાન છે એની વાત જ્હોન એકહાર્ટે કરી છે. સત્ય એ એટલીઉમદા વસ્તુ છે કે જો ભગવાન એની તરફ પીઠ ફેરવી શકે તો હું ભગવાનને છોડી દઉ, પણ સત્યને વળગી રહું.એ ખમીર છે સત્ય માટેનું. પણ દરેકને પોતાનું સત્ય હોય છે.જે મારા માટે સત્ય છે એ તમારા માટે ન પણ હોય. છતાંય જે સનાતન સત્ય છે એને વિભાજીત કરી શકાય જ નહીં.હોમરે કહ્યું છે : એક સત્ય બીજા સત્યનું વિરોધી ક્યારેય બની શકે નહી.સત્ય એ કંઈક રસ્તામાં પડેલી જણસ નથી. એના માટે તપ કરવું પડે છે.પ્લુટોએ કહ્યું છે : સત્ય શીખવા માટે શાંતિપુર્વક સાત વર્ષ શોધ કરવી જોઈએ.પરંતુ પોતાના સાથી માનવોને સત્ય કેવી રીતે જણાવવું તે શીખવા માટે ચૌદ વર્ષ જોઈએ.રામે જગતને સત્ય શીખવવા માટે ચૌદ વર્ષ વનવાસ વેઠ્યો હતો. આખરે સત્યનો વિજય થયો હતો. એને જગતમાં સત્યનો મહિમા પણ થયો હતો.

આપણે શાળાઓમાં કે શૈક્ષણિક સંસ્થાઓમાં કે ભીતો પર લખાવીએ છીએ.સાચું બોલો. દરરોજ તે વાંચતા હોવા છતાં એનું આચરણ કરીએ છીએ ખરા ? સંતશ્રી તીરુવલ્લુવરે કહ્યું છે : અસત્ય ન બોલો, જો આ આદેશનું પાલન મનુષ્ય કરી શકે તો તેણે ધર્મોના બીજા કર્તવ્યનું પાલન કરવાની આવશ્યકતા રહેતી નથી.આપણું મન જો પવિત્ર હશે તો જ તે લોકોના હૃદય પર રાજ કરશે.ગાંધીજી માટે અંગ્રેજો પણ માનતા હતા કે આ માણસ અસત્યનું આચરણ તો નહી જ કરે. એવો જ માણસ જગતની બધી જ દુર્લભ વસ્તુઓ મેળવી શકતો હોય છે. સત્ય તો તે છે કે જેના દ્વારા બીજાને કોઈ પણ પ્રકારની હાનિ ન થાય. સંતશ્રી તિરુવલ્લુવરે કહ્યું છે : મે જગતમાં ઘણી વસ્તુઓ જોઈ છે.પરંતુ મે જે ચીજો જોઈ છે તેમાં સત્યથી વધુ ઉચ્ચ બીજી કોઈ વસ્તુ નથી.પણ એ સત્ય પ્રિય હોય તો વધારે અસરકારક બને છે.જેણે સાચુ બોલવાનું વ્રત લીધું છે તે પ્રિય અને હિત કરનાર સત્ય વચન કહે છે જો અપ્રિય અનો અહિતકારક છે તે સત્ય પણ સત્ય નથી.સત્ય બીજાના આંસુ લુછવા માટે છે.તેથી બધાજ સત્યને ભગવાન કહે છે.કોઈકે કહ્યું છે : સત્યની મહાન બીજો કોઈ ધર્મ નથી.સત્યથી શ્રેષ્ઠ બીજો કોઈ સદ્‌ગુણ નથી. સત્ય સમાન બીજો કોઈ અક્ષય ભંડાર નથી. ધર્મ, તપ,યોગ અને યજ્ઞ તથા જીવનનો મુખ્ય આધાર માત્ર સત્ય જ છે. સત્ય એ ભગવાન છે.એટલા માટે ઋવેદમાં કહ્યું છે : સત્યથી વિશ્વને પ્રકાશિત કરો.

સત્યથી વાયુ વાય છે સત્યથી સુર્ય ચમકે છે.સત્યથી જ વાણીની પ્રતિષ્ઠા થાય છે. સાચેસાચ સત્યમાં બધું જ આવી જાય છે.એટલે સત્યને સૌથી મોટું કહ્યું છે.સત્ય જ માણસને મહાન બનાવે છે.જો સત્પુરુષ જ્ઞાન અને ચારિત્રના કારણે સત્ય વચન જ બોલે છે. એના ચરણોની રજ પૃથ્વીને પવિત્ર કરે છે.સત્ય મનુષ્યને સ્વર્ગમાં લઈ જાય છે.સત્યથી અધિક કોઈ તપ નથી.સત્ય બોલો,અને સત્યમાં આળસ ન કરો.સત્ય જ જયોતિ છે.સ્વામી રામતીર્થે કહ્યું છે : સત્યનો અનુભવ કરવા માટે તમારે તમારી જાતને સત્યરૂપ અનુભવ કરવો પડશે.જે સત્યનો અનુભવ કરે છે એ સ્વતંત્ર બને છે.એનુ કારણ એ છે કે સત્યને કોઈ બંધન નડતા નથી.સત્યને કોઈ ભીડ કે સભાની જરુર પડતી નથી.કારણ કે સત્ય તો લોકપ્રિયતાથી જોજનો દુર હોય છ.ઉપદેશ કે કથાઓ કરવાથી સત્યની પ્રતિતી કરાવી શકાતી નથી.

આ સંસારનો કાદવ કોઈને ખરાબ કરી શકતો નથી. સત્યની સામે ગમે તેટલી ગંદકી આવે પણ તોય એ સુવર્ણની જેમ જ રહે છે.કોઈને હાનિ ન થાય એવું બોલવું એને સત્ય બોલવું કહે છે.જેને શબ્દ દ્વારા પણ હાનિ ન થાય,એજ સત્ય છે.સત્ય મન,વચન અને કર્મથી જ પામી શકાય છે.પોતે સાચો છે એવું સાબિત કરવા માટે જે લોકો પોતાના ધર્મગ્રંથ ઉપર હાથ મુકીને પણ ખુલ્લેઆમ જુઠ્ઠુ બોલતા હોય છે,એમને સત્યને શું લાગેવળગે ?અખાએ કહ્યું છે તેમ પાણી જોઈને સ્નાન કરવાથી કે પથ્થર જોઈને પુજવાથી શુધ્ધિ થતી નથી.શુધ્ધિ તો સત્‌નું આચરણ કરવાથી થાય છે.સાચા હૃદયથી જો સત્યને પ્રગટ કર્યું હોય તો એને જગતમાં કોઈ બદલી શકતું નથી.સત્ય ચિરકાલીન હોય છે.સત્યનો કાટ કે ઉધઈ લાગતી નથી.સત્ય સનાતન છે.સત્યને કોઈ બદલી શકતું નથી.સત્યનો પડકારી શકાય નહી.સત્ય કોઈનું મનોરંજન કરતું નથી.પણ ક્યારેક સત્યને અસત્યથી ઢાંકવાનો પ્રયત્ન થાય છે. સત્ય ઢંકાય છે તેથી એને જરુર પડેછે સાક્ષીની.સત્યને સત્ય તરીકે પ્રતિપાદિત કરવા માટે સાક્ષી હોવો જરુરી બની જાય છે.નહીતર તર્ક અને દલીલો દ્વારા ન્યાયાલયમાં અસત્ય સત્ય પર હાવી થઈ જતું હોય છે.એવા ઘણા કિસ્સા આપણે પણ જાણતા હોઈએ છીએ.

એક રીતે સત્યનો માર્ગ વિકટ છે.અને સરલ પણ છે. જે સત્યના માર્ગે ચાલે છે એનો સ્વીકાર ઝડપથી થતો નથી.એ માર્ગે જનારને વચ્ચે અનેક સંકટોનો મુકાબલો કરવો પડે છે.અનેક વિઘ્નો આવવા છતાં જો એ આગળ નીકળી જાય તો એનો જય થાય છે.સત્યના માર્ગે ચાલનારો બાળક જેવો નિર્દોષ હોય છે.સત્યનો માર્ગ તો શુરાનો છે.એમાં કાયરનું કામ નથી.સત્ય જ ઈશ્વરનો પર્યાય છે.સત્યનો પુરસ્કાર સત્ય જ છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી,
(સૌ.સંદેશ)

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

★ **નીલા ફાઇનાન્સ** ★
**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# સત્યનો સદાય વિજય થાય છે શું એ સાચું છે ? આજે તો ચારે કોર અસત્યની જ બોલબાલા છે

ભારત દેશના બંધારણના આમુખ ઉપર નોધવામાં આવ્યું છે કે 'સત્ય મેવ જયતે'.દેશના ન્યાયાલયોમાં આપણે જોઈએ છીએ કે અસત્યનો વિજય થતો દેખાય છે.દેશની અદાલતોમાં તમે કેવા પુરાવાઓ રજુ કરો છો તેની પર તમારા કેસનો આધાર છે.સત્ય નામશેષ થઈ રહ્યું છે.એવું સવર્ત્ર દેખાઈ રહ્યુ છે.એક જુઠને વારંવાર દોહરાવીને તેને સત્ય તરીકે ઠસાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે જેને સત્ય તરીકે સ્વીકારાઈ રહ્યુ છે.ઈસુએ કહ્યું છે કે માર્ગ તથા સત્ય તથા જીવન હું છું.ઈશ્વર સત્ય છે.જો તમે સત્યને વળગી રહો તો ઈશ્વરને પામી શકો છો.

---

સત્ય એ સત્ય છે.દષ્ટ્રિવાળા જ સત્યને જોઈ શકે છે.આંધળા નહી, સત્યએ જોવાની ચીજ નથી.પણ અહીતો જેની ભીતરની દષ્ટિ ખુલી ગઈ છે, આ સંસારની પેલી પાર જેની નજર નીકળી ગઈ છે,એની વાત કરવામાં આવી છે,પણ જેના હૈયાના દ્વાર ખુલ્યા જ નથી એ તો ચર્મચક્ષુ હોવા છતાં અંધ જ હોય છે.આંખોથી આ જગતને જોતા હોઈએ તો એનો અર્થ એવો ના કરતાં કે, આપણે દેખતા છીએ.સત્ય તો આ વિશ્વની ધરી છે. સત્યના આધારે આ ધરતી હરિયાળી છે.દરેકને ટકવા માટેનો એકમાત્ર આધાર સત્ય છે.ભુમિ જ સત્ય દ્વારા પ્રતિષ્ઠિત છે.ભુમિની સ્થિરતાના પાયામાં સત્ય છે. જો સત્યનો પાયો ડગમગી જાય તો અકલ્પ આફતો સર્જાઈ જાય છે.સત્યના આધારે આપણે છીએ.આપણા આધારે સત્ય,મારુ અસ્તિત્વ હોય કે ના હોય પણ સત્ય તો રહેશે જ.સત્ય એ કોઈ લોખંડનો ટુકડો નથી કે એને કાટ ચડે.જેના માથા ઉપર સત્યની છત્રી છે એને કોની પરવા હોય ?સત્ય જ આંખ છે. જેના મનની આંખો ઊઘડી ગઈ છે. એને સત્યનો સહારો મળી જાય છે.સત્યના આધારે જીવનાર માણસને અનેક સંકટોનો સામનો કરવો પડે છતાંય જો એ અડગ રહે તો આખરી વિજય એનો જ થાય છે.સત્ય તો હાથમાં પકડેલો અંગારો છે.જેની સુરતા લાગી ગઈ છે એને કોઈ દઝાડી શકતું નથી.વિશ્વના શ્રેષ્ઠ શસ્ત્રોમાં સત્ય સર્વશ્રેષ્ઠ છે.સત્યથી માણસ સૌની ઉપર તપે છે. સળગતા અગ્નિની જ્વાળાઓની પાસે કોઈ આવી શકતુ નથી એમ સત્યના આધારે જીવતા માણસ પાસે પણ કોઈ અનિષ્ટ વિચરી શકતું નથી.એટલો એનો તાપ ને પ્રભાવ હોય છે.

સત્ય, સાચું,વાસ્તવિક, ખરુ, ખરાપણું, તથ્ય,સાચી વાત આ બધા જોડણીકોશના અર્થો છે.સત્ય તો આ અર્થોની ઉપર છે.એનાથી પણ પર છે.સત્ય તો ઝળહળતો પ્રકાશ છે.જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર ક્યાંથી આવે ? સત્ય તો જીવ માત્રના જીવનનો અર્ક છે.માણસ કોઈપણ કાર્ય કરે , સત્ય-નિષ્ઠાથી કરે તો એને કોઈ આંચ આવતી નથી.ભલે એની આજુબાજુ ભસવાના અવાજો આવતા હોય તેથી તેને ગભરાવાની ચિંતા નથી.માણસનું હૃદય શુધ્ધ હોય,મનમાં કોઈ પણ પ્રકારની મલિનતા ન હોય, દ્વેષભાવ વિનાનો સ્વભાવ હોય અને સત્યનો છાંયો હોય તો આ જગતની કોઈ તાકાત એને કશું જ કરી શકતી નથી.પણ કોઈક નબળી ક્ષણે એનું મન ડગમગી જાય તો તરતજ એના પતનની શરુઆત થઈ જતી હોય છે.અસત્ય સુંવાળું હોય છે.લાભકર્તા હોય છે.એની લાલચમાં માણસ લપસી જાય તો એનું સત્ય ઢંકાઈ જાય છે.એની સામે અનેક પડકારો છે એને વટોળીને જે આગળ વધે છે એ જ સત્યનો ધ્વજ લહેરાતો રાખી શકે છે.સ્વર્ણિમ પાત્રથી સત્યનું મોઢું ઢંકાયેલું છે. જ્યાં થોડો પણ લોભ આવ્યો તો સમજવું કે બધું જ રસાતાળ ગયું સમજો. માણસની આંખે જ્યારે સ્વાર્થના ચશ્માં આવી જાય છે, પછી એને જે જોવાનું હોય એના સિવાય બીજું ઘણું દેખાવા લાગે છે.

સત્ય બોલો,પ્રિય બોલો, અપ્રિય સત્ય ન બોલો,પ્રિય અસત્ય ન બોલો.આ સનાતન ધર્મ છે.સત્ય અને પ્રિય એ બે શબ્દો ક્યારેક આમને-સામને આવી જતા હોય છે.સામાન્ય રીતે માણસને સત્ય ગમતું નથી.કઠે છે. માણસને પ્રિય અસત્ય વધારે ગમતું હોય છે. છતાંય સમજદાર અને વિવેકી માણસ સત્યને પણ પ્રિય બનાવી શકે છે.પોતાની માતાને જ મા કહેવાય, મારા બાપની વહુ ના કહેવાય, ભલે એ સત્ય હોય તો. એવી જ રીતે સત્યને પ્રિયની કલાઈ કરતાં આવડવું જોઈએ.ઘણી વખત અસત્યનો પડદો સત્યે પાછળ ધકેલી દેતો હોયછે.આપણે ત્યારે દુઃખી થઈએ છીએ.પણ વહેલા મોડા સત્ય તો પ્રગટતું જ હોય છે.

સત્યને અસત્ય ઢાંકી દે છે.અસત્યને વારંવાર કહેવાથી સત્ય બનતું હોય છે.એક જુઠ્ઠાણું સો વખત ઉચ્ચારવાથી સત્ય બની જાય છે.પણ એ માત્ર સત્યનો ભ્રમ જ હોય છે.માણસને ખુશામત ગમતી હોય છે.ખુશામત હોય ત્યાં સત્ય ના હોય.અસત્ય અને ખુશામતને નજીકનો નાતો છે.તેથી ક્યારેક આપણને લાગં કે અસત્યથી સત્ય ઢંકાઈ જાય છે.બધુ સત્યમાં સમાયેલું છે.જગતમાં સત્યથી જ બધું પ્રભાવક છે. સત્ય સૌથી મોટું બળ છે.એ બળની સામે કોઈ ટકી શકતું નથી.જગતના બધા જ હથિયારો એની આગળ પાંગળા છે.એ સત્ય સૌથી મોટું હથિયાર ગણાયું છે.ગાંધીજી પાસે સૌથી મોટું શસ્ત્ર સત્ય જ હતું.જેની આગળ વિશ્વની મહાન શક્તિને પણ નમવું પડ્યુ હતું.સત્યનો સુરજ કદી આથમતો નથી.સત્યનો હંમેશા વિજય થાયછે.અસત્યનો નહી.આપણા રાષ્ટ્રનો મુદ્રાલેખ પણ 'સત્યમેવ જયતે' છે.સત્યને ખતમ કરી શકાતું નથી.ક્યારેક આપણને લાગે કે સત્ય પરાજીત થયું છે,પણ અંતમાં તો એનોજ વિજય થતો હોય છે.સત્ય છુપાતું નથી.સત્ય તો આપણું કવચ છે.આપણું રક્ષણ સત્ય કરે છે.સત્ય માણસના હૃદયમાંથી પ્રગટે છે.કેટલાક લોકો સત્યને જાણતા હોવા છતાં એનો અમલ કરી શકતા નથી તેથી પાછળથી પસ્તાય છે.

પ્લેટોએ કહ્યું છે : સત્ય ઈશ્વરનું સ્વરુપ છે. જગતમાં સત્ય જ ઈશ્વર છે.સદાય સત્યના આધાર પર જ ધર્મની સ્થિતિ રહે છે.સત્ય જ બધાનું મુળ છે.સત્યથી વધીને કોઈ પરમ પદ નથી.સત્યની દિવાલો વચ્ચે રહેવું એ અતિ કઠીન છે. સત્યના મરજીવા જ એમાં રહી શકે છે.માણસ સામાન્ય બાબતમાં પણ જુઠ્ઠુ બોલતા અચકાતો નથી.ત્યારે સત્યની વાત કરવી એ અરણ્યરુદન જેવી ઘટના છે.સત્યની અનેક મર્યાદાઓ હોઈ શકે છે.પણ એ સરહદને જે ઓળંગી જાય છે તે કશુંક મેળવી શકે છે.કોઈપણ ભોગે જે સત્યને વળગી રહે છે.એને આપત્તિઓનો સામનો કરવો પડે છે.છતાંય પોતે જે સત્યનો સ્વીકાર કર્યો છે એનું પાલન તો કરે જ છે, તો એના સુફળ એને મળે છે.

સત્ય એ સત્ય છે.સત્યને કોઈ શણગારની જરુર જણાતી નથી.સત્ય આપણને ગમે કે ન ગમે, પણ જીવનનો સાચો અર્ક જ એ છે.બધા જ રસોમાં સત્યનો રસ વધારે સ્વાદિષ્ટ છે.સત્યનો રસ શરુઆતમાં કડવો લાગે છે.પણ એ અત્યંત ગુણકારી હોય છે.જેમ દેહની શુધ્ધિ માટે કડવા રસની જરુર છે.એમ જીવની શુધ્ધિ માટે સત્યની એટલી જ જરુર છે.આપણે જાણીએ છીએ કે માણસ માત્ર પુર્ણ નથી.એનામાં પણ દોષ તો રહેલા જ છે.છતાંય આપણા ભલા સાથે બીજાના ભલાનો પણ વિચાર થવો જોઈએ.કોઈપણ પ્રકારના પુર્વગ્રહ સિવાય આપણે વર્તાવું જોઈએ.સત્ય જો બીજાના હિત માટે હોય તો તે મીઠાસથી કહેવું જોઈએ.એવું સત્ય બોલવું જોઈએ જે હિત,મિત અને ગ્રહણ કરવા યોગ્ય હોય.સત્યની તુલનામાં કશું જ આવી શકતું નથી.સત્ય તો પ્રકાશનો સુર્ય છે.સુર્યની સામે ધુળ ઉડવાથી કશો ફેર પડતો નથી.પ્રકાશ ઢાંક્યો ઢંકાઈ રહેતો નથી.સત્ય આજે નહી તો કાલે તો પ્રગટવાનું જ છે.સત્ય સમાન કોઈ ધર્મ નથી.સત્યથી ઉત્તમ કશું જ નથી. અને જુઠ સમાન કોઈ તીવ્રત્તર પાપ આ જગતમાં બીજુ કોઈ નથી.આજે તો જુઠ અને પ્રપંચના ઘોડાપુર ઉમટેલા જોવા મળે છે.સત્યતો ખુણામાં ધકેલાતું જાય છે.અનિષ્ટનો અતિરેક થઈ રહ્યો છે.લોકો એને સત્ય માનતા થઈ ગયા છે.સત્યનો અર્થ જ બદલાઈ ગયો ન હોય !

ગાંધીજીએ કહ્યું છે : કોઈ અસત્ય દ્વારા સત્યને પામી શકતું નથી.સત્યને પામવા માટે તો હંમેશા સત્યનું જ આચરણ કરવું પડશે.સત્યને કોઈનો ભય હોતો નથી.સત્ય બોલવામાં ડર શાનો ? અસત્ય આજે નહી તો કાલે તમને જરુરથી ડુબાડશે.વિનોબા ભાવેએ કહ્યું છે :અસત્યમાં શક્તિ નથી.પોતાના અસ્તિત્વ માટે પણ એણે સત્યનો આશરો લેવો અનિવાર્ય છે.

સત્યની વાતો કરનારા ઘણા છે,સત્યનું પાલન કરનારા ઓછા છે.જે પાલન કરે છે,તે કોઈ સત્યની વાત કરતો નથી.કારણકે સત્ય એ પાલન કરવા માટે જ હોય છે.ડોગરેજી મહારાજે કહેલું કે સત્યને જાણ્યા પછી એને અમલમાં મુકીએ તો જ જાણ્યું સાર્થક ગણી શકાય.માત્ર જાણકારી મેળવવાથી કશું જ પ્રાપ્ત થતું નથી.સત્યના માર્ગે ચાલવું ઘણું કાઠું છે.પણ જે વીરબંકો ચાલે છે, એની આગળ સુરજ પાથરણાં પાથરતો હોય છે.એની બેસન્ટે કહેલું કે સત્ય મારા માટે જીવનનો મુળ મંત્ર છે. એના માટે હું સંસારના સમસ્ત યશ,વૈભવ અને મધુર પ્રેમનો પણ ત્યાગ કરી શકું છું.આજની સ્થિતિમાં જોઈએ તો જો આપણે સાચું બોલીએ તો લોકો જુતાનો હાર પહેરાવે છે.મારવા દોડે છે.એ જો ખોટું બોલીએ તો વિશ્વાસ કરે છે.પણ ઉત્તમ વાત તો સંત તુકારામે કરી છે.જે અસત્ય બોલે છે,તે પાપની ખાણ છે.જે માત્ર સત્ય બોલે છે તો એની તરફ સુખ પણ ઉમળકાથી જાય છે.આપણને ઘડીભર એવું લાગે છે, પણ સત્ય એ તો સત્ય જ રહે છે.જોર્જ સેન્તીયાનાએ કહ્યુ છે કે સત્ય ક્રુર હોય છે છતાં પણ પ્રેમ કરી શકાય છે.અને જેણે પણ તેને પ્રેમ કર્યો હોય તેને મુક્તિ મળે છે.જે માણસ અસત્ય બોલીને કંઈક મેળવી શકે છે,એ ખોવા બરાબર ગણાય છે.માણસ જે સત્યને વધારે પસંદ કરે છે એમાં એ વધારે વિશ્વાસ મુકતો હોય છે.સત્યની સરિતા ક્યારેય ગંદી ન થાય, એ જોવાની જવાબદારી આપણી છે.જે લોકો શોધે છે એ મેળવે જ છે.ગાંધીજીએ કહ્યુ છે : સત્યની ખોજમાં, અસફળતા માટે સ્થાન જ નથી.જીવનની સ્વચ્છતા સૌથી ઉંચી અને સૌથી સાચી કળા છે.

હેલ્વેટીયસે કહ્યું છે : સત્ય એક મશાલ છે, જે ધુમ્મસને વિખેરી નાખ્યા વિના પણ તેની વચ્ચે ઝળહળે છે.

અનુ. પાન નં. ૨ ઉપર


## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# ભારત દેશમાં ૨૦૧૩ થયેલ ખ્રિસ્તીઓની સતાવણી બાબતે રીપોર્ટ પ્રસિધ્ધ થયો

કાર્ડીનલ ઓસ્વાલ્ડ ગ્રેસીયસ, નેશનલ પ્રેસિડેન્ટ ઓફ કેથોલીક બિશપ્સ ફોન્ફરન્સ ઓફ ઈન્ડીયા અનો ફેડરેશન ઓફ એશીયન બિશપ્સ,ને જોસેફ દ્વારા સીએસએફ-૨૦૧૩ રીપોર્ટ જેમાં ભારતમાં ખ્રિસ્તીઓની થયેલ સતાવણી અંગેની વિગતો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તે સુપ્રત કરવામાં આવ્યો.ધ કેથોલીક સોશ્યીલ ફોરમ, ના જણાવ્યા પ્રમાણે ૨૦૧૩માં ખ્રિસ્તીઓ પર ૪૦૦૦ જેટલા હુમલાઓ કરવામાં આવ્યા હતા.જેમાં ૪૦૦ પાદરીઓ અને ૧૦૦ ચર્ચો પર કરવામાં આવેલ હુમલાઓનો ઉલ્લેખ સામેલ છે.કેથોલીક સેક્યુલર ફોરમ દ્વારા તાજેતરમાં આ રીપોર્ટ પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો.આ સંસ્થાના ચેરમેન તરીકે જસ્ટીસ માઈકલ સલધાના છે કે જે મુંબઈ અને કર્ણાટક હાઈકોર્ટના ભુતપુર્વ ન્યાયાધીશ છે.

૨૦૧૩ના વર્ષમાં ખ્રિસ્તીઓની થયેલ સતાવણીનો ઉલ્લેખ કરતાં લેખક શ્રી જોસેફ ડાયસ,જનરલ સેક્રટરી,સીએસએફ દ્વારા નોંધવામાં આવ્યું હતું કે આ હુમલાઓ આકસ્મિક હુમલાઓ નહોતા, પરંતુ આ હુમલાઓ પધ્ધતિસર અને કોઈ સંસ્થાની દોરવણીથી કરવામાં આવ્યા હતા.આ રીપોર્ટમાં મદદ કરનારા તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.જેમાં ખાસ કરીને ઈવેન્જલીકલ ફેલોશીપ ઓફ ઈન્ડીયા, ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ, ગ્લોબલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયન ક્રિશ્ચિયન, અને વર્લ્ડ વોચ મોનીટરનો વિશેષ રીતે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.કારણકે સતાવણી બાબતે તેમણે માહિતી પુરી પાડી હતી.

રીપોર્ટમાં નોંધ મુકવામાં આવી હતી કે ખ્રિસ્તીઓ પર કરવામાં આવી રહેલ હુમલાઓની સંખ્યામાં વધારો થયો છે.અને સતાવણી માટે નવી પ્રયોગશાળા ખોલવામાં આવી છે.મહારાષ્ટ્રમાં સૌથી વધુ ખ્રિસ્તીઓ પર હુમલાઓ કરવામાં આવ્યા છે ત્યાર બાદ બીજા નંબરે કર્ણાટક રાજ્ય આવે છે.મહારાષ્ટ્ર એ હિદુત્વ માટેની બીજી પ્રયોગશાળા છે.આ રીપોર્ટ કાર્ડીનલ ઓસ્વાલ્ડ ગ્રેસીયસ, આર્ચબિશપ બોમ્બે અને પ્રેસિડેન્ટ, ઈપીસકોપલ કોન્ફરન્સ ઓફ ઈન્ડીયામાં જણાવાયું છે.ક્રિશ્ચિયન ટુડે ઈન્ડીયામાં મોકલેલ સંપુર્ણ વિગતો અને ફોટા સાથેના રીપોર્ટ દેશમાં ખ્રિસ્તીઓ પર થયેલ હુમલાઓ બાબતે જણાવાયું છે.જેમાં સાબિતીઓ અને તેના પુરાવાઓ પણ સામેલ છે.એ પૈકીના કેટલાક ફોટોગ્રાફ એટલા બધા આઘાતજનક છે કે જે દર્શાવી શકાય તેમ નથી. તેવું આ રીપોર્ટમાં જણાવાયું છે.આ રીપોર્ટમાં દર્શાવાયેલ વિગતોમાં નવેમ્બર ૧૭,૨૦૧૩ના રોજ અનુરાગ કે જેને અનમોલ તરીકે પણ ઓળખાવાયેલ છે. તે ૭ વર્ષના બાળક જે બીલીવર્સ ચર્ચ,ગામીડી વિલેજ,ડુંગરપુર જીલ્લો,રાજસ્થાનના ખુનનો છે.તેનો ચહેરો એટલો બધો વિકૃત બનાવી દેવાયો હતો.જેથી તેની ઓળખ કરવી અઘરી પડે. હા, પોલીસ આ બાબતે પગલાં ભરવા અશક્તિ જાહેર કરી હતી તેવું આ રીપોર્ટમાં જણાવાયું હતું.

ત્રીપુરામાં,શ્રી તપસ બિન,૩૫ વર્ષીય,જે તીલીઆ મુરા વિલેજ,જે વેસ્ટ ત્રીપુરામાં આવેલ છે તેમનું જુન ૩,૨૦૧૩ના રોજ ખુન કરવામાં આવ્યુ હતું.આ ખુન તેમના સસરા દ્વારા કરવામાં આવ્યું હતું કારણકે તપસે હિંદુ ધર્મ અપનાવવાની ના પાડી હતી તેથી તેમનું ખુન તેમના સસરાએજ કર્યુ હતું.હજુ તેની પત્ની ભયના ઓથારમાં જીવી રહી છે.

ઉત્તર પ્રદેશમાં બસીર અલી નામનો એક વિશ્વાસું તેનો મૃતદેહ અલ્વીનગર,લોની,ગાઝીયાબાદ પાસેથી મળી આવ્યો હતો.તેણે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હોવાથી તેની કત્લ કરવામાં આવી હતી.તેના મૃતદેહના કકડા કરી નાંખવામાં આવ્યા હતા.તેની ગર્ભવતી પત્ની અને બે દિકરીઓ બચી જવા પામી હતી.ઓડીસા,પ્રતાપ નાયક,૨૬ વર્ષીય ખ્રિસ્તી યુવક,કે જે એક લશ્કરના સિપાઈનો દિકરો હતો,એક દિવસ પોલીસ કસ્ટડીમાં રખાયા બાદ તેનો મૃતદેહ મળ્યો હતો.શરફરાઝ નવાઝ,ભુવનેશ્વર,હ્યુમન રાઈટ્સ,અને સીવીલ સોસા.ફોરમે જણાવ્યું હતું કે નાયકને માનસિક ત્રાસ આપવવામાં આયો હતો જ્યાં સુધી તે મૃત્યુ પામે નહી.પોલીસે નાયકના કુટુબીજનોને તેની ધરપકડની જાણકારી આપી નહોતી.તેમજ તેની વૈદકીય સારવાર અંગેની માહિતી પણ સુપ્રીમ કોર્ટના નિર્દેષો પ્રમાણે આપી નહોતી.તેના મૃત્યુથી તેના કુટુંબીજનોને કોઈપણ વળતર આપવામાં આવેલ નથી.આ કુટુંબ એ દલિત ખ્રિસ્તી કુટુંબ છે.



શ્રી જોસેફ ડાયસ,જનરલ સેક્રેટરી, સીએસએફ દ્વારા તૈયાર કરાયેલ રીપોર્ટને જાહેરમાં મુકતા કાર્ડીનલ ઓસ્વાલ્ડ ગ્રેસીયસ, નેશનલ પ્રેસિડેન્ટ ઓફ કેથોલીક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડીયા.




મંદાકીનીમાં લગભગ ૨૫૦ કરોડ જેટલા તારાઓનો સમુહ આવેલો છે.અને આવી તો લગભગ ૧૦૦ લાખ જેટલી મંદાકીનીઓ બ્રહ્માંડમાં આવેલી હોવાનો અંદાજ છે.

મોસ્કોમાં આવેલી લેનીન લાઈબ્રેરી એ બે કરોડ પુસ્તક ધરાવે છે.એ આ લાઈબ્રેરી વિશ્વની સૌથી મોટી લાયબ્રેરી છે.

પ્રથમ મીસ યુનીવર્સ બનવાનો શ્રેય ફિનલેન્ડની આર્મી કુસેલાને ફાળે જાય છે.


## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઈ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

## ★ લગ્ન વિષયક ★

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.